NABL માન્ય લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવો જોઈએ...

(હવે કોરોના, મેલેરિયા કે ડેન્ગ્યુ કે સાદો વાયરલ તાવ એ શોધવો એ ખુબ જ મુશ્કેલ છે)

(આ પરિસ્થિતિમાં સારી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવો એ સમયની માંગે છે?)

અત્યારે ચારેબાજુ લોકોના માનસમાં અને ડૉકટરોમાં પણ કોરોના જ છવાયેલો છે. જુદી જુદી માનવીઓમાં પણ કોરોના જુદી જુદી રીતે રજૂ થાય છે.

આજે ડાહ્યાભાઈ અને ગાંડાભાઈ બંને પાંચના ટકોરે સવારે ચાલવા માટે ભેગા થઈ ગયા. બંને જણા ચાલતા જાય અને એકબીજાની મશ્કરી કરતા જાય. ગાંડાભાઈએ કહ્યું, 'અલ્યા ડાહ્યાભાઈ તારું ઘરમાં બહુમાન છે. તારો બોલેલો એક શબ્દ ઘરમાં ભાભી અને છોકરાઓ ઉપાડી લે છે અને અમારો તો ઘરમાં મારી કોઈ કિંમત જ નથી. મારું કીધેલું કોઈ કરતું નથી અને બોલાયેલું કોઈ સાંભળતું નથી.'

ડાહ્યાએ કહ્યું, ગાંડા જેનું ઘરમાં કંઈ ના ચાલે એનું બાર ચાલે. મોટા મોટા માણસોનું ઘરમાં કઈ ઉપજે નહીં પણ બહાર લોકો પડ્યો બોલ ઝીલે. ગાંડા તારું એવું છે ભલે તારું ઘરમાં કંઈ ના ચાલે પણ આખી દુનિયા ગાંડાભાઈને સલામ કરે. ગાંડાથી રહેવાયું નહીં. એ તારી મહાનતા છે. અરે રહેવા દે એ બધી વાતો અમે તો ભાઈ પાપડતોડ પહેલવના છીએ. અલ્યા ડાહ્યા આ કોરોના તો બહુ થઈ ગયો છે. જેને પુછીએ તે એના ઘરમાં કોરોનાનું કોઈકને કોઈક તો હોય છે. અરે યાર કંઈ વાત કરવા જેવી નથી. મારી બાજુમાં પેલા ગોવિંદભાઈ રહે છે એને કોરોના પોઝીટીવ છે પણ આજુબાજુ કોઈને કહ્યું નહીં. સોસાયટીમાં કોઈને ખબર નથી. ક્યાંકથી સમાચાર મળ્યા કે ગોવિંદભાઈ કોરોના પોઝીટીવ છે. અને પછી આવી બન્યું. સોસાયટીવાળાએ ઝંડો પકડ્યો. સોસાયટીવાળા ભેગા થઈને ખાલી કરો તમારા ઘરમાં કોરોના છે. કોઈને કહ્યું નહીં. ગોવિંદભાઈને દવાખાનામાં મોકલો. અને સોસાયટીવાળાએ કહ્યું કે એના ઘરે કોઈ જશો નહીં. શાકવાળાને અને દૂધવાળાને પણ આવવા દેતા નહીં.

NABL / ISO : 15189
MC - 2297 (in lieu of M - 0068)

આપણા છોકરાઓને પણ કોરોના થઈ જશે. સોસાયટીમાંથી બહિષ્કાર કરો. અરે બોલ ગાંડા શું ગોવિંદભાઈ ઢોલ વગાડીને કહે કે, મને કોરોના થયો છે. સારી.... માનવતા મરી ગઈ છે. ગોવિંદભાઈને હૈયાધારણ આપવાની જગ્યાએ, ખબરઅંતર આપવાની જગ્યાએ આવું કરવાનું આ તો કઈ રીત છે. પણ દુઃખની બાબત એ જે પ્રમુખ ઝંડો પકડીને ચાલતા હતા એ ગોવિંદભાઈના ઘરની ૨૫ બંગલા દૂર રહે છે એના ઘરના છ જણમાંથી ચાર જણને કોરોના લક્ષણો દેખાયા હવે પ્રમુખ શું બોલે બોલ. અલ્યા ડાહ્યા, એટલે કે આપણી સોસાયટીમાંથી ઘણા બધાને એમ જ ને? હા, ગાંડા કોરોનના કેસ વધ્યા છે એન એમાં ગભરાવાની જરૂર નથી. પહેલા કરતાં

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

ટેસ્ટ પણ વધારે થાય છે. એટલે વધારે પોઝીટીવ દેખાય છે હજુ વધારે ટેસ્ટ થાય તો હજુ વધારો કોરોનાના સંક્રમિત માણસો, દરદીઓ જોવા મળે. પણ ગભરાવાની જરૂર નથી. કોરોનામાં બહુ પેનિક થવાની જરૂર નથી. મેં પહેલા પણ કહેલું કે કોરોના જયાં સુધી દવા અને રસી નહીં શોધાય ત્યાં સુધી લોકોને થયા જ કરશે. પણ ગભરાવાની જરૂર નથી. કોરોનાનો ટેસ્ટ કરાવો કે ના કરાવો કોરોના જેવા ચિન્હો દેખાય એટલે ૭ થી ૧૦ દિવસ પોતાની જાતને જુદી પાડી ડૉકટરને પુછી દવા લો. આમાં કંઈ ખાસ ચિંતા જેવું નથી. ૧૦૦ માંથી ૯૯ દર્દીઓને સામાન્ય રીતે કોઈ તકલીફ થતી નથી. આમ તો સો એ સો ટકા લખવું જોઈએ છતાં ૧ ટકા બાકી રાખ્યો, એટલે ગાંડાએ કહ્યું ડાહ્યા આ તો સાદી શરદી ઉધરસ જેવું થઈ ગયું. બરાબર છે ગાંડાભાઈ. જો સામાન્ય ચિન્હો દેખાય એટલે તરત જ એનો ઉપાય કરવામાં આવે તો સાદા વાયરસ ઈન્ફેકશન જેવું છે. જો તમે તકેદારી ના રાખો તો તકલીફ જેવું છે. અરે ડાહ્યાભાઈ આવું તો મેલેરિયામાં નથી હોતું. સાદા મેલેરિયામાં અને ઝેરી એટલે કે ફાલ્સીફેરેમ મેલેરિયામાં પણ બે થી ત્રણ ટકા મરતા હોય છે. સાચી વાત છે. પણ હવે ગાંડાભાઈ વરસાદ પડ્યો છે. એટલે મચ્છર પણ થશે. ચારેબાજુ પાણી ભરાયેલા છે. તેમાં મેલેરિયાના મચ્છર, ડેન્ગ્યુના મચ્છર અને કોરોનાના વાયરસ વધશે. તેથી...

મેલેરિયા પણ થવાનો... ડેન્ગ્યુ પણ થવાનો, સાદો વાયરસ ને તાવ પણ આપવવાનો અને કોરોના તો છે પણ ડાહ્યાભાઈ, આ બધાને જુદી કઈ રીતે પાડવાના છે. મેલેરિયા છે ડેન્ગ્યુ છે, કોરોના છે કે સાદો તાવ છે. આ પ્રશ્ન બહુ જટિલ અને વ્યાજબી છે. તાવના ચિન્હ એકસરખા જ દેખાતા હોય છે. એને જુદા કોણ પાડશે ? ડૉકટર તો ફક્ત દવા જ કરવાના પણ મેલેરિયા છે, ડેન્ગ્યુ છે કે કોરોના છે એ કેવી રીતે ખબર પડે ? ગાંડાભાઈ એ કહ્યું, ડાહ્યાભાઈ જવાબ આપો. અરે ગાંડાભાઈ ઊભા રહો આપણે સામેની લારીમાંથી આદુવાળી ચા પીએ શરીરમાં ગરમી આવી જશે પછી વાત કરીએ. કોઈ પણ ગંભીર ચર્ચા, ચામાં આંદુ નાખો તો દૂધ ફાટી જાય આ લારીવાળો આટલા બધા આદુવાળી ચા કેવી રીતે બનાવતો હશે. ડાહ્યાભાઈએ કહ્યું, તું સારી ચા પીને. સારી ચા બનાવે. એટલે તો અહીંયા પીવા માટે આવ્યા. હવે વાત કરીએ કયો તાવ છે એ નક્કી કરવાનું કામ લેબોરેટરીનું છે. સારી લેબોરેટરીમાં જો ટેસ્ટ કરાવાથી સારો ટેસ્ટનો રિપોર્ટ આવે તેના ઉપરથી ૧૦૦ ટકા સાચા નિદાન ઉપર આવે.

અલ્યા ડાહ્યા તું એ એવી વાત કરે છે કે એ આપણને કંઈ રીતે ખબર પડે કે કઈ લેબોરેટરી સારી. ડૉકટર જે લેબોરેટરીમમાં મોકલે એ લેબોરેટરીમાં જઈને ટેસ્ટ કરાવીએ આપણને શું ખબર? સામાન્ય રીતે NABL જે લેબોરેટરીમાં હોય તે લેબોરેટરી સામાન્ય રીતે સારી કારણ કે એમાં મશીન સારા હોય, રોજ કંટ્રોલ કરતાં હોય અને કંટ્રોલ જો બરાબર ના આવે તો કેલીબ્રેશન કેમિકલ કીટની ફરી કરે જે બહુ ખર્ચાળ છે. પણ NABL લેબોરેટરીમાં દર વર્ષે NABL તરફથી ઓડિટ આવતું હોય એની ચકાસણી ઊંડાણમાં કરવામાં આવે છે. કોઈ પણ પ્રકારની ભૂલ દેખાય તો લેબોરેટરીને એન.સી. આપવામાં આવે છે. અને વધારે એન.સી. થાય તો NABL સર્ટીફીકેટ પાછો લઈ લેવામાં આવે છે.

વાહ ડાહ્યાભાઈ તે તો સાચી સમજણ આપી. હવે હું જયારે પણ ડૉકટર ટેસ્ટ લખી આપશે ત્યારે કોઈ ઓળખીતા લેબોરેટરી પણ કંઈ લેબોરેટરી NABL છે. એ જાણ્યા પછી લોહીનો ટેસ્ટ કરાવીશ. પણ ડાહ્યાભાઈ NABL લેબોરેટરીમાં ૧૦૦ ટકા સાચા જ રિપોર્ટ આવે ? એમાં કોઈ ભૂલ ના હોય એ ઊંડો વિષય છે. એની ચર્ચા આપણે ક્યારેક કરીશું...

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવાં

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પરસ્પર સહયોગ માટે સમજૂતી કરાર



ગાંધીનગર, તા. ૧૯

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા આજ રોજ દિ. ૧૮/૦૭/૨૦૨૦ ના રોજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા બાળકેળવણી જેવા ક્ષેત્રોમાં શારીરિક શિક્ષણ, રમત વિજ્ઞાન અને રમત ટેકનોલોજીના માધ્યમથી પારસ્પરિક હિતોના ઉત્તેજન અને વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ, સંશોધન તેમજ પ્રશિક્ષણના કાર્યમાં સહયોગ સાધવા સમજૂતી કરાર કરવામાં આવ્યાં. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે પ્રસંગોચીત પ્રવચન કરતાં જણાવેલ કે શરીર જ ખરેખર દરેક ધર્મ (કર્તવ્ય)નું પાલન કરવાનું સાધન છે. ભારતીય શિક્ષણ દર્શન મુજબ દરેક પંચતત્વનો પંચકોષ સાથે સમન્વય જેમ કે પૃથ્વી-શરીર, જળ-મન, અગ્નિ-બુધ્ધિ, વાયુ-પ્રાણ તથા આકાશ-આત્મા સાથે આંતર સંબંધ હોઈ યુનિવર્સિટીના અભ્યાસક્રમની રચના પંચકોષાત્મક વિકાસ કરવો સાંપ્રત સમયની જરૂરિયાત છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અર્જુનસિંહ રાણાએ આ સમજુતી કરાર અંતર્ગત "Child is the father of Nation" ઉક્તિને ચરિતાર્થ કરતા જણાવેલ કે રાજ્યના દરેક બાળક શારીરિક સક્ષમ બને તે માટે વિવિધ પરિમાણો જેમ કે Speed, Strength, Agility, Mobility, Endurance તથા Skill દ્વારા બાળકોની કાર્ડિઓ-વાસ્ક્યુલર એક્ટિવિટીઝ વધે અને તેઓની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય જેથી કોરોનાની મહામારીને રોકી શકાય અને બંને યુનિવર્સિટીઝના કુલપતિએ "Fit Child... Fit Nation... One Nation..." સૂત્રને સાકાર કરી બાળકોને બળવાન, ચારિત્ર્યવાન અને રાષ્ટ્રવાદી બનાવવાનો સંકલ્પ લીધેલ. નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન સમાન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી સાથે કાર્ય કરી એકબીજાના પૂરક થઈ સંયુક્ત ઉપક્રમે Faculty Development Programme અને શારીરિક સક્ષમતા, માનસિક દૃઢતા તથા સાત્વિક પોષણયુક્ત આહાર જેવા વિષયોનો સમાવેશ કરી વિવિધ વેબીનાર આવનારા દિવસોમાં યોજશે અને ગુજરાત રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી માનનીય વિજય રૂપાણી ના "Sports Education for All" ના મિશનને સાકાર કરવા તથા ગુજરાતના તમામ બાળકોને બાળપણથી તેમની સર્જનશીલ, સંવેદનશીલ તથા સાહસિક બનાવવા એવા ઉમદા હેતુથી આ સમજૂતી કરારને ખરા અર્થમાં ચરિતાર્થ કરવાનો સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિ અને સ્પોર્ટર્સ ઓફિસર કુ. શિલ્પા વાળા તથા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલસચિવ સંજય જોશી (GAS) અને આયોજન વિકાસ અધિકારી ડૉ. કમલ મોઢ ઉપસ્થિત રહ્યાં હતા.

જાયન્ટસ્ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન સાહેલી દ્વારા વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા. ૧૯

જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન સાહેબી દ્વારા સેકટર-૨૩, વિરાટનગર સોસાયટી પાસેના બગીચામાં બોરસલી, સપ્તવર્ણી, બોટલપામ, ડોનોડોર્પસ જેવા જુદા જુદા અંદાજીત ૫૦ થી વધુ વૃક્ષોની વાવણી કરી હતી.

આ કામગીરીમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈનના પ્રમુખ વીકેશ પટેલ, વસંતભાઈ પટેલ, સાંકાભાઈ, નટુભાઈ પટલે, જા.વે.ફા. કસીના ના બ્રાન્ચ પ્રમુખ બી એમ પટેલ, પ્રમુખ તથા મનપા ગાંધીનગર કોર્પોરેટર શ્રીમતી નીલાબેન શુક્લ, સાહેબી પૂ. પ્ર. મનીષા પટેલ, યુ ડી શ્રીમતી ગાયત્રી પટેલ વિ જાયન્ટ્સ મિત્રોએ હાજરી આપેલ તેવું જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈનના પ્રમુખ વીકેશ પટેલ જણાવ્યું હતું.

રાજ્ય સરકારે કોલસા આધારિત વીજ-પ્રોજેક્ટ માટે વીજગ્રાહકોના હિતલક્ષી નવી માર્ગદર્શીકા જાહેર કરી

રાજ્યના વીજગ્રાહકના હિતને ધ્યાનમાં રાખીને તા. ૧-૧૨-૨૦૧૮નો ઠરાવ રદ કરવામાં આવ્યો : કોલસાની ખરીદી સ્પર્ધાત્મક રીતે ઓછામાં ઓછા દરે થશે : સમયાંતરે થતા આંતરરાષ્ટ્રિય કોલસાના ભાવનો ઘટાડાનો લાભ ગ્રાહકને મળી શકશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકાર દ્વારા તા. ૧-૧૨-૨૦૧૮ના ઠરાવ પછીના સમયગાળા દરમ્યાન બદલાયેલ પરિસ્થિતિ, ઈન્ડોનેશિયા કોલસાની માર્કેટ ટ્રેન્ડમાં બદલાવ અને રાજયનાં વીજ ગ્રાહકોના હિતને ધ્યાન રાખીને તા. ૧૨-૦૬-૨૦૨૦ ના ઠરાવ દ્વારા અગાઉનો ઠરાવ રદ કરવામાં આવેલ છે.

તા. ૧-૧૨-૨૦૧૮નો ઠરાવ રાજ્યમાં સ્થિત ત્રણ આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટ માટે હતો જે અંતર્ગત ચાર પાવર પરચેઝ એગ્રીમેન્ટ કરવામાં આવેલ. તે અન્વયે કોસ્ટલ ગુજરાત પાવર લી. સાથેનો સપ્લીમેન્ટલ કરાર, હિસ્સેદારી ધરાવતા અન્ય રાજ્યોની સહમતી ન હોવાના કારણે સહી કરવામાં આવેલ નથી. જયારે એસ્સાર પાવર ગુજરાત લી. સાથેના સપ્લીમેન્ટલ કરારને ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા શરતી મંજુરી આપવામાં આવેલ છે જેની સામે એસ્સાર દ્વારા એપેલેટ ટ્રીબ્યુનલ સમક્ષ અપીલ કરવામાં આવેલ છે, આમ આ સપ્લીમેન્ટલ કરાર પણ કાર્યરત થયેલ નથી. જયારે અદાણી પાવર સાથે થયેલ સપ્લીમેન્ટલ કરાર અન્વયે અદાણી દ્વારા તા. ૧-૧૨-૨૦૧૮નાં ઠરાવ મુજબ પાછલા સમયગાળાનું નુકશાન પ્રોજેકટ ડેવેલોપર દ્વારા ભોગવવાની મુખ્ય શરતનો ભંગ કરવાના કારણે આ સપ્લીમેન્ટલ કરારની મંજુરી રદ કરવા માટે ફેંદ્ર-દ્વારા કેન્દ્રીય વીજ નિયમન આયોગ સમક્ષ પીટીશન કરવામાં આવેલ છે, જે પેન્ડીંગ છે. આમ, ઉપરોક્ત તમામ પ્રોજેક્ટને તા. ૧-૧૨-૨૦૧૮નાં ઠરાવ મુજબ ટેરીફ મળવાપાત્ર થતું નથી.

રાજ્ય સરકાર દ્વારા તા. ૧-૧૨-૨૦૧૮ના ઠરાવને રદ કરવામાં આવેલ છે અને તા. ૧૨-૦૬-૨૦૨૦થી ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને નવી માર્ગદર્શિકા આપવામાં આવેલ છે જેમાં વર્ષ ૨૦૧૮ પછી ઈન્ડોનેશિયન કોલસાના માર્કેટમાં થયેલ ફેરફારને ધ્યાનમાં લઈને અન્ય પ્રતિષ્ઠિત માર્કેટ ઈન્ડેક્ષનો કોલસાના ભાવની ગણતરી કરવા માટે સમાવેશ કરવામાં આવેલ છે. જેથી, પ્રોજેક્ટ ડેવેલોપર દ્વારા કોલસાની ખરીદી સ્પર્ધાત્મક રીતે ઓછામાં ઓછા દરે થાય અને સમયાંતરે થતા અંતરાષ્ટ્રિય કોલસાના ભાવનો ઘટાડાનો લાભ ગ્રાહકને મળી શકશે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા છત્રીનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૯

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા માલપુર તાલુકાનાં રુઘનાથપુરમાં ૩૦ મજૂરોને છત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. છત્રી દર્પણ તરફથી આપવામાં આવી હતી. આ સાથે ૨૦થી વધારે બહેનોને ચપ્પલ પણ આપવામાં આવ્યા હતા. સમિતિના કાર્યકરો સાથે દર્પણ પરિવાર સાથે ખાસ ઉપસ્થિત રહ્યો હતો. મિલિંદભાઈ તથા દિનેશભાઈ સાથે રહ્યા હતા.

નિર્મોહી આશ્રમ સેકટર-૨૫ દ્વારા છેલ્લા ૩ વર્ષથી ગરીબોને ખીચડીનું વિતરણ કરવામાં આવે છે, આ કાર્યમાં અશ્વિન ત્રિવેદી અને મુકેશ પંડ્યા દ્વારા અવિરત સેવા આપવામાં આવે છે.

ઈસનપુર મોટા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલને એપીએમસી આલમપુર દ્વારા રૂા. ૫ લાખની આર્થિક સહાય

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા સ્થિત એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ આલમપુર તરફથી રૂા. ૫ લાખની આર્થિક સહાય આપવામાં આવી હતી. પાંચ ડાયાલીસીસ મશીનના યુનિટમાં ૧ મશીન વધુ વસાવતાં હવે તાલુકાના ડાયાલીસીસના દર્દીઓને વિના મૂલ્યે સારવાર મળી રહેશે. અને રોજના ૧૨ જેટલા દર્દીઓને ડાયાલીસીસની સારવાર આપી શકાશે.

આ પ્રસંગે કોરોના વાયરસ સંક્રમણના કારણે ફક્ત દસ વ્યક્તિઓની હાજરીમાં ચેરમેન અશોકભાઈ પટેલ, વકીલ કનુભાઈ પટેલ, અતુલભાઈ, બળદેવજી ઠાકોર, મેનેજર યજ્ઞેશ પટેલ, હોસ્પિટલના હોદ્દેદારો રામચંદ્રભાઈ પટલે, રમેશભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ગિરીશભાઈ શ્રીવાસ્તવે ૮ ટેકનિશિયનના ડાયાલીસીસ મશીનની કામગીરી અંગે સમજ આપી હતી. અશોકભાઈ વકીલ અને ડિરેકટરઓએ સંસ્થાની ઉમદા સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. સંસ્થાના સ્થાપક વિષ્ણુભાઈ પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી સૌએ આશીર્વાદ મેળવ્યા હતા. સંસ્થાના ડૉ. દેવેન પાંચોટીયા તથા એકાઉન્ટન્ટ વિરલભાઈ પટેલ, આયાબહેન અમૃતાબહેનને હોસ્પિટલ પરિવાર સુતરની આંટી અને ચાંદીના ચિક્કા અર્પણ કરી ભાવભીની વિદાય આપી હતી શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૧૦૦ જેટલા વૃક્ષો ઉછએરવાનો સંકલ્પ રમેશભાઈ પટેલે વ્યક્ત કર્યો હતો. કન્વીનર રામચંદ્રભાઈ પટેલે સંસ્થાવતી સૌનો આભાર માન્યો હતો.

જન્મદિને વધામણી

રઘુસિંહ ગોલ
મો. ૯૮૨૫૪ ૮૧૨૭૭

ઉલ્લાસબેન તેજસભાઈ દવે
મો. ૭૦૪૩૭ ૧૬૧૦૪



પ્રકાશસિંહ દશરથસિંહ વાઘેલા
મો. ૯૮૨૪૩ ૭૫૦૫૩

હિનાબેન અતુલકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૯૯ ૫૯૧૬૩

ઋષાંત વિશાલ રાજદીપ

દિલીપસિંહ રાણા
મો. ૮૧૪૧૭ ૧૬૧૦૯

હરિભાઈ જે સોલંકી
મો. ૯૮૨૫૧ ૭૨૫૩૫

મહેન્દ્રભાઈ પટેલ
મો. ૯૯૨૪૧ ૩૩૪૫૭

વાળા યોગીરાજસિંહ વી
મો. ૯૮૨૪૦ ૪૯૫૫૯

તીર્થ અલ્પેશકુમાર શ્રીમાળી
મો. ૯૬૮૭૧ ૨૭૭૯૮